જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૭/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૧૩૭૭/૧૮

ઓઢવ પોલીસ સ્ટેશન :

**સાયબર ક્રાઈમના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.**

મે.પોલીસ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સપેક્ટર.ઓઢવ પો સ્ટેશન.નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે આજરોજ અમો તથા સાથેના હે.કો મનોજભાઇ રણછોડભાઇ બનં-૮૧૮૨.તથા હે.કો અજીતસિંહ માનસિંહ બ.ન ૭૯૧૨ તથા પો.કો અતુલભાઇ સુખરામભાઇ બ.ન ૮૬૦૬ તથા પો.કો ચન્દ્રસિંહ લાખુભા બ.ન ૫૮૮૯ તથા પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.ન ૬૭૭૯ તથા લો.ર જયદેવસિંહ નાગજીભાઇ બ.ન ૩૨૪૧ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન અનાર્મ પો.કો અતુલભાઈ સુખરામભાઈ બ.ન ૮૬૦૬ તથા પો.કો ચન્દ્રસિંહ લાખુભા બ.ન ૫૮૮૯ નાઓને મળેલ બાતમી હકીકત આધારે.ઓઢવ પો સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૪૩/૧૮ ઈપીકો કલમ. ૪૦૬,૪૨૦ આઇ.ટી એકટ કલમ ૬૬(સી),(ડી) મુજબના ગુનામાં સંડોવાયેલ આરોપી " વરૂણ ઓમપ્રકાશ શર્મા રહે.સોમાટેક્ષટાઈલ્સ મીલની ચાલી.રખિયાલ અમદાવાદ શહેર. નાઓએ પોતાના કબ્જાના મોબાઈલ ફોનમાં પેટીએમ નામની એપ્લીકેશનનો ઉપયોગ કરી ઓટીપી નંબર વગર વડે ઓનલાઈન ફરીયાદીશ્રીના બેન્ક એકાઉંટમાંથી રૂ.૨,૨૫,૦૦૦/- ની મતાની ઉઠાંતરી કરી છેતરપીંડી આચરેલ હોય જે ગુનાના આરોપી વરૂણ ઓમપ્રકાશ શર્મા રહે.સોમાટેક્ષટાઈલ્સ મીલની ચાલી.રખિયાલ અમદાવાદ શહેર.નાને ઉપરોક્ત ગુનામાં પકડી અટક કરી કુલ્લે રૂ.૨,૨૫,૦૦૦/- ની મતા રીકવર કરવામાં આવેલ છે.જે ગુનાની તપાસ હાલમાં ચાલુમાં છે.

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

**પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૬૨૬/૨૦૧૮ તા.૧૯.૦૭.૨૦૧૮ ના પાસા અટકાયતી પ્રશાંત @ વિક્કી જીતેન્દ્રસિંહ ચૌહાણ ઉ.વ.૧૯ રહેવાસી મ.નં.૧૧ ગાંડાલાલની ચાલી રતનપુરા ગામ વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેરના વિરૂધ્ધ અમદાવાદ શહેર ના અમરાઇવાડી પો.સ્ટે પ્રોહિ ગુ.ર.નં.૫૦૪૫/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**સુરક્ષા સેતુ રથ :**

"કારંજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "કારંજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.